રાજ્યમાં સ્વાઈન ફ્લુથી વધુ ૧૨ મોત : સમગ્ર તંત્ર ચિંતાતુર

સ્વાઈન ફ્લુના નવા ૧૩૦ કેસો સપાટી ઉપર આવ્યા : એક જ દિવસમાં ૧૨ લોકોના મોત થતાં મોતનો આંકડો જાન્યુઆરી બાદથી વધી ૧૩૬ પર પહોંચ્યો : દેશમાં સ્વાઈન ફ્લુથી ગુજરાતમાં સૌથી વધુ મોત

અમદાવાદ, તા. ૧૪

ગુજરાતમાં સ્વાઈન ફ્લુથી એક દિવસમાં આજે ૧૨ લોકોના મોત થતાં સમગ્ર તંત્ર હચમચી ઉઠ્યું હતું. જે ૧૨ લોકોના મોત થયા છે તે પૈકી અમદાવાદમાં ચાર લોકોના મોત થયા હતા. આની સાથે જ મોતનો આંકડો વધીને ૧૩૬ ઉપર પહોંચી ગયો હતો. સમગ્ર દેશમાં સ્વાઈન ફ્લુથી મોતનો આંકડો ગુજરાતમાં સૌથી વધુ નોંધાઈ ચુક્યો છે. આજે નવા ૧૩૦ કેસોની સાથે કેસોની સંખ્યા પણ રોકેટગતિએ વધીને ૧૫૨૨ સુધી પહોંચી ગઈ છે. સમગ્ર તંત્રમાં ખળભળાટ ફેલાઈ ગયો છે. તમામ પગલા બિનઅસરકારક સાબિત થઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સ્વાઈન ફ્લુને રોકવા માટે તંત્ર સંપૂર્ણપણે સજ્જ છે. છતાં કેસો ઘટાડો થઈ રહ્યો નથી. હાલમાં સ્વાઈન ફ્લુના આતંક વચ્ચે મુખ્ય સચિવના અધ્યક્ષસ્થાને વિડિયો કોન્ફરન્સનું આયોજન કરાયું હતું જેમાં તમામ જિલ્લાના કલેક્ટરોને સર્વેની કામગીરી વધુ સઘન બનાવવા જરૂરી સૂચના આપવામાં આવી હતી. તમામ કલેક્ટરો તથા ડીડીઓ, મ્યુનિસિપલ કમિશનરો, આરોગ્ય અધિકારીઓ સાથે આ બેઠક યોજાઈ હતી. આજે સ્વાઈન ફ્લુમાં જે વિસ્તારમાં નવા કેસો નોંધાયા હતા તેમાં કચ્છમાં ૨૧, અમદાવાદમાં ૪૭, સુરતમાં ૨૩, બનાસકાંઠા સાત, પાટણ પાંચ, ગાંધીનગર પાંચ કેસો નોંધાયા હતા. અન્ય ઘણા વિસ્તારોમાં પણ સ્વાઈન ફ્લુના કેસો સપાટી ઉપર આવ્યા હતા. આજે જે ૧૨ લોકોના મોત થયા હતા તે પૈકી અમદાવાદમાં ચાર, સુરતમાં ત્રણ, કચ્છ, વડોદરા, નવસારી, અરવલ્લી, ગાંધીનગરમાં એક એક વ્યક્તિના મોત થયા હતા. જેથી તંત્રમાં દહેશત અને દોડધામ યથાવત રહી હતી. સત્તાવાર આંકડા મુજબ પહેલી જાન્યુઆરી ૨૦૧૫થી હજુ સુધી સ્વાઈન ફ્લુના ૧૫૨૨ કેસો નોંધાઈ ચુક્યા છે જે પૈકી મૃત્યુઆંક આજે વધીને ૧૩૬ પર પહોંચ્યો હતો. સ્વાઈન ફ્લુ રોગનો ખતરો સતત વધી રહ્યો છે. ગુજરાતભરમાં સ્વાઈન ફ્લુ વધુ વકર્યો છે. આજે વધુ ૧૨ લોકોના સ્વાઈન ફ્લુના કારણે મોત થયા હતા. જ્યારે સ્વાઈન ફ્લુના નવા ૧૩૦ કેસો નોંધાયા છે. જેથી કેસોની સંખ્યા વધીને ૧૫૨૨ સુધી પહોંચી ગઈ હતી. સ્વાઈન ફ્લુ રોગને રોકવા માટે તંત્ર સજ્જ હોવા છતાં આ રોગ બેકાબૂ બનેલો છે, મોતનો આંકડો વધી રહ્યો છે. સ્વાઈન ફ્લુને લઈને અલગ શહેરોમાં હોસ્પિટલની ખાસ વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. સેંકડો દર્દી સારવાર હેઠળ હોવાની માહિતી મળી રહી છે. સ્વાઈન ફ્લુને લઈને સામાન્ય લોકોમાં પણ સતત ભય જોવા મળી રહ્યો છે. તંત્ર દ્વારા પગલા લેવાયાની વાત થઈ રહી હોવા છતાં કેસો હજુપણ સતત વધી રહ્યા છે અને મોતનો આંકડો પણ સતત વધી રહ્યો છે. સ્વાઈન ફ્લુ રોગના અટકાયત માટે રાજયભરમાં ૩૧૭૬ મેડીકલ ટીમ દ્વારા ૩,૮૪,૨૦૪ ઘરોની મુલાકાત લેવામાં આવી ચુકી છે અને ૧૭,૫૧,૩૩૩ લોકોનો સર્વે કરવામાં આવી ચુક્યો છે. ગુજરાતમાં સ્વાઈન ફ્લુને લઈને કોંગ્રેસ દ્વારા પણ ભાજપ સરકાર ઉપર પ્રહાર કરવામાં આવી ચુક્યા છે. અલબત્ત સરકારે તમામ પગલા લીધા હોવા છતાં રોગચાળો બેકાબુ બનેલો છે.

સ્વાઈન ફ્લુ-એક નજરે

ગુજરાતમાં કુલ મોત	૧૩૬
કુલ કેસોની સંખ્યા	૧૫૨૨
નવા કેસોની સંખ્યા	૧૩૦
કચ્છમાં નવા કેસ	૨૧
અમદાવાદમાં નવા કેસ	૪૭
સુરતમાં નવા કેસ	૨૩
બનાસકાંઠા	૦૭
પાટણ	૦૫
ગાંધીનગર	૦૫
સર્વે થયો	૧૭૫૧૩૩૩
રાજ્યભરમાં મેડિકલ ટીમ	૩૧૭૬

સુરતમાં ડ્રીમ સિટી પ્રોજેક્ટ માટે આજે શિલાન્યાસ થશે

૧.૨૫ લાખ કરોડના ખર્ચે સાકાર કરાશે : ડાયમંડ બુર્સ વિશ્વભરના હિરાજગત માટે ક્રાંતિકારી પગલું કુલ 333 આંગણવાડીનું ભૂમિપૂજન : જુદા જુદા કાર્યક્રમો

અમદાવાદ, તા.૧૪

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ડાયમંડ સિટી સૂરતના આંગણે ૨૦૦૦ એકર વિસ્તારમાં આકાર લેનારા મહાત્વાકાંક્ષી ડાયમંડ રીસર્ચ એન્ડ મર્કન્ટાઈલ અને વિશ્વકક્ષાના સૂરત ડાયમંડ બૂર્સનું રવિવારે સવારે ભૂમિપૂજન કરશે,ત્યારે આ દબદબાભર્યા સમારોહમાં દેશવિદેશમાંથી હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા વીસ હજાર જેટલા લોકો ઉપસ્થિત રહેશે. સૂરતને આંતરરાષ્ટ્રીય હીરા ઉદ્યાગના હબ તરીકે પ્રસ્થાપિત કરનાર આ મહાત્વાકાંક્ષી ડ્રીમ સિટી પ્રોજેકટમાં ૧.૫ કરોડ ચોરસ ફૂટ વિસ્તારમાં રૂ. ૧ લાખ ૨૫ હજાર કરોડના ખર્ચે સાકાર થનાર સૂરત ડાયમંડ બૂર્સમાં દસ હજારથી વધુ વિદેશીના વેપારીઓની કચેરીઓ કાર્યરત થશે. હીરાનાં આંતરરાષ્ટ્રીય વેપારનું અદ્યતન કેન્દ્ર બની રહેનાર આ ડાયમંડ બૂર્સમાં રોજેરોજ વિશ્વના અનેક દેશોમાંથી વેપારીઓ આવીને રફ ડાયમંડ સીધા ગ્રાહકને વેચી શકે તેમજ વિશ્વના દેશોના હિરા વેપારીઓ અહીંથી પોલિસ્ડ ડાયમંડ ખરીદી શકે તે માટેની અદ્યતન વ્યવસ્થાઓ કરવામાં આવશે. ૧૦૦ એકર જમીન પર સાકાર થનારા આ બૂર્સમાં હીરાના ઉદ્યાગકારોને તથા વેપારીઓને આંતરરાષ્ટ્રીય સ્તરની બેન્કિંગ અને વિમા સુવિધાઓ પૂરી પાડવાની સાથોસાથ સેઈફ ડિપોઝીટ વોલ્ટસ અને લોકર્સ તથા ઈમ્પોર્ટ-એક્ષ્પોર્ટની તમામ આંતરરાષ્ટ્રીય સુવિધાઓ ઉપલબ્ધ કરવવામાં આવશે. આતરરાષ્ટ્રીય વેપાર માટે સાનુકુળ વાતાવરણ ધરાવતા સૂરત ડ્રીમ સિટીમાં સેન્ટ્રલ બિઝનેસ ડીસ્ટ્રીકટનું આયોજન કરાયું છે.

જેમાં ડાયમંડ બૂર્સ ઉપરાંત લેન્ડમાર્ક મકાનો સહિત હાઈરાઈઝ ડીસ્ટ્રીકટ વિસ્તાર, ઓફિસ સંકુલ, પ્રદર્શનની સંકુલ, તાલીમી શાળાઓ તથા ખાનગી અને જાહેર ક્ષેત્રોની બેંકોનો સમાવેશ થશે. સુરત હવાઈ મથક અને રાષ્ટ્રીય ધોરીમાર્ગને અડીને આવેલા આ સંકુલ સાથે બી.આર.ટી.એસ સીટી લીંક દ્વારા સૂરત શહેર સાથેની કનેકિટવીટી પણ ઉપલબ્ધ થશે.

વર્લ્ડકપનો ક્રેઝ ચારેબાજુ જોવા મળી રહ્યો છે. અમદાવાદ પણ પાછળ નથી. અમદાવાદ ખાતે ક્રિકેટ ચાહકો એકત્રિત થયા હતા અને ખુશી વ્યક્ત કરી હતી.

રિવરફ્રંટ ખાતે વસંત ઉત્સવ

ગુજરાત આઈ.એ.એસ. ઓફીસર્સ વાઈફ્સ એસોસીએશન દ્વારા યોજાયેલ અનોખો ઉત્સવ : દરેક સ્ટોલ ઉપર જઇ કલા કારીગરી તેમજ ચીજવસ્તુઓ વિશે મુખ્ય સચિવે માહિતી પણ મેળવી : અદ્‌ભુત પ્રસ્તુતી

અમદાવાદ, તા.૧૪

ગુજરાત આઈ.એ.એસ ઓફિસર્સ વાઈફ્સ એસોસિએશન દ્વારા આયોજિત વસંત ઉત્સવને ગુજરાત રાજયના મુખ્ય સચિવ ડી.જે. પાંડિયને આજે ખુલ્લો મુક્યો હતો. રીવરફ્રન્ટ ખાતે આયોજિત વસંત ઉત્સવમાં વસ્ત્ર-પરિધાન, શ્રૃંગાર-શણગાર, સુશોભન, ખાણી-પાણીનાં સ્ટોલ લગાવવામાં આવ્યો છે. મુખ્ય

સચિવએ આ દરેક સ્ટોલ પર જઈ કલા-કારીગરી તથા ચીજવસ્તુઓ વિશે જાત માહિતી મેળવી હતી. મુખ્ય સચિવ નાના ભુલકાઓનાં બનેલાં બેન્ડ વાઈબ્રેશન એકેડમી ઓફ મ્યુઝિયમના નાના-નાના સાજિંદાઓને તેમની કલા-સાધના તથા અદભુત પ્રસ્તૃતિ માટે બિદાવ્યા હતા.

આ અવસરે પ્રેમધારા શિશુ વિહાર, ગાંધીનગરનાં બાળકોએ નૃત્ય નિદર્શન કર્યું હતું જેને મુખ્ય સચિવ અને ઉપસ્થિત સૌએ તાલીઓનાં નાદની વધાવી લીધું હતું. આ પ્રસંગે બાળકો માટે ચિંત્ર સ્પર્ધાનું પણ આયોજન કરાયું હતું. આઈ.એ.એસ ઓફિસર્સ વાઈફ્સ એસોસિએશનનાં વસંત ઉત્સવ પ્રસંગે પ્રમુખ આશા પાંડિયન, અમદાવાદ કલેક્ટર રાજકુમાર બેનિવાલ, અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી ઉદિત અગ્રવાલ આ.એ.એસ. અધિકારીઓ વિનોદ રાવ, એમ.એ. નરમાવાલા તથા આઈ.એ.એસ ઓફિસર્સ વાઈફ્સ એસોસિયેશનની મહિલા સભ્યો તથા બાળકો મોટી સંખ્યમાં ઉપસ્થિત રહ્યા હતાં.

ધાનેરા પંથકમાં ખુલ્લેઆમ ગેરકાયદેસર ઈંટવાડા

પ્રદૂષણ ફેલાવી જન આરોગ્યને ભયમાં મુકતા રોષ

ધાનેરા, તા. ૧૪

બનાસકાંઠાના સરહદી ધાનેરા પંથકમાં આવેલા આજુબાજુના મોટાભાગના તમામ ગામોમાં ગેરકાયદેસર રીતે લાલ ઈંટો બનાવવાના ઈંટવાડા તંત્રની મિલિભગતથી પ્રદૂષણ ફેલાવી જન આરોગ્યને ભયમાં મુકતા સમગ્ર પંથકની જનતામાં ભારે રોષ ફેલાયો છે.

ગામની ગોચર જમીન કે તળાવમાં તેની આજુબાજુ સ્થાનિક ગ્રામ પંચાયતની પરવાનગી વગર જરૂરી સરકારી નાણા પ્રદૂષણ ના ફેલાય તેની બાહેંધરી લીધા વગર જ સરપંચો કે તાલુકાના અધિકારીઓ નાણાંની કટકી કરી નિર્દોષ પ્રજાને જોખમમા મુકી રહી છે.

ધાનેરાના જાડી ગામમાં તો પાંચથી વધુ ઈંટવાડાના માલિકો એકત્ર થઈ મોટી જગ્યામાં ખુલ્લેઆમ ઈંટો પાડી ભારે પ્રદૂષણ ફેલાવી રહ્યા છે. જ્યારે અન્ય ગામો માલોત્રા, જાડી, ધરણોધર, કોટડા, ખીંમત, થાવર, રૂણી, આશિયા, રામસણ, મેવાડી, સામરવાડા, સહિત મોટા ભાગના ગામોમાં ગેરકાયદેસર ધમધમતાં ઈંટવાડાની ભઠ્ઠીઓ-ચીમનીઓનો ધુમાડો ભયંકર પ્રદૂષણ ફેલાવી જન આરોગ્ય સાથે વન વિસ્તારને નુકશાન પહોંચાડી રહ્યા છે. ત્યારે સાંસદ અને ગૃહ રા. મંત્રી હરિભાઈ ચૌધરી, ધારાસભ્ય જોઈતારામ પટેલ, કલેક્ટરશ્રી રાણા આ તત્વો સામે તાકીદે પગલા ભરે તે જરૂરી છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

બનાસકાંઠા જિલ્લા પંચાયતમાં કોંગ્રેસની બહુમતિ હોવા છતાંય કોંગ્રેસમાંથી જીતેલા રાજેન્દ્ર જોષી સહિત અન્ય બે સભ્યો ભાજપની છાવણીમાં ઘૂસી સત્તા હાંસલ કરી હતી. ત્યારબાદ અનેક બેઠકોમાં બંને પક્ષો વચ્ચે ખેંચતાણ સર્જાતી હતી. વળી, તાજેતરમાં જ ૨૬મી જાન્યુઆરીના રોજ પરંપરાગત પંચાયત કચેરી પ્રાંગણમાં યોજાતા ધ્વજવંદનની આમંત્રણ પત્રિકા વિપક્ષી (કોંગ્રેસ)ના ચૂંટાયેલા સદસ્યોને ખૂબ જ મોડેથી મોકલાતા બજેટ બેઠકમાં આ મુદ્દે ભારે હોબાળો સર્જાયો હતો તે પ્રસંગની તસવીર.

સ્વાઈન ફ્લુથી ગભરાવવાની જરૂર નથી

હાથ મિલાવવાનું ટાળો અને નમસ્તે કરો : પ્રભારી સચિવ

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા જીલ્લામાં સ્વાઈન ફ્લુને લઈને શનિવારે ચાલી રહેલી કામગીરી ની સમિક્ષા માટે જીલ્લાના પ્રભારી સચિવ જયંતી એસ. રવિની અધ્યક્ષતામાં હિમતનગરના નવા સર્કીટ હાઉસ ખાતે બેઠક મળી હતી.

આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી એમ.નાગરાજન,જીલ્લા આરોગ્ય અધિકારી ડૉ.મનીષ ફેન્સી, જીલ્લા સિવિલ સર્જન -ડૉ. જયંત ઉપેરિયા સહીત તાલુકા મામલતદાર,તાલુકા આરોગ્ય અધિકારી, હિમતનગર નગર પાલિકાના આરોગ્ય વિભાગ સહીત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જયારે હિમતનગર સિવિલમાં બે મહિલા દર્દી પોઝેટીવ છે જે સારવાર હેઠળ છે. જીલ્લામાં વકરેલા સ્વાઈન ફ્લુ ની શું પરિસ્થિતિ છે તેની માહિતી મેળવી હતી.આ અંગે જીલ્લા પ્રભારી સચિવ જયંતી એસ.રવિએ જણાવેલ કે આ રોગ માં અત્યાર સુધી કુલ ૧૦ કેસ પોઝેટીવ મળ્યા છે. જે અલગ અલગ સ્ટેજમાં છે જેમાંથી ૩ જણાને ડીસ્ચાર્જ કરવામાં આવ્યા છે જયારે એક મહિલાનું મૃત્યુ થયું હતું બાકીના ૬ જણા સારવાર હેઠળ અમદાવાદ સિવિલમાં છે જેમાંથી ૫ ની સ્થિતિ સ્થિર છે જયારે એક વેન્ટીલેટર પર છે. પ્રજાને અનુરોધ કર્યો હતો કે હાલ વકરેલા આ સ્વાઈન ફ્લુથી આ રોગથી ગભરાવવાની જરૂર નથી પરંતુ થોડી સાવચેતી રૂપે હાથ મિલાવવાનું ટાળજો અને નમસ્તે કરજો હાથ ધોવાનું રાખજો તો બીજી તરફ આ રોગ જેનામાં રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય તેને જલ્દી થવાની સંભાવના છે કારણ કે આ રોગ ચેપી છે. રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે વિટામીન સી જેમાં આમળા, જામફળ, સંતરા, નારંગી આરોગવા જોઈએ અને તુલસી પત્તાનો ઉકાળો, પાણીમાં અથવા દૂધમાં હળધર ગોળીને પીવી જોઈએ. જો પ્રજાને ક્યાય આવા કેસ જોવા મળે તો તાત્કાલિક સાબરકાંઠા કંટ્રોલ રૂમ ૦૨૭૭૨-૨૪૯૦૩૯ પર જાણ કરવી જેથી તાત્કાલિક જીલ્લાના આઠ તાલુકામાં કાર્યરત ૩૨ આરોગ્યની ટીમ પહોચશે અને સર્વે હાથ ધરશે. આ રોગ સામે લડવા માટે તંત્ર તો તૈયાર છે પરંતુ સમાજે તંત્ર ની કામગીરીમાં સહભાગી થવું જોઈએ અને તકેદારીને અનુસરવું જરૂરી છે. તો અંગે હિમતનગર સિવિલ ઇન્ચાર્જ આરએમઓ ડૉ. આર. ડી. પરીખે જણાવેલ કે સિવિલના આઇશોલેશન વોર્ડમાં બે દર્દીના રીપોર્ટ પોઝેટીવ છે જે હાલ સારવાર માટે દાખલ છે જેમાં એક મહિલા રાજસ્થાનની અને એક મહિલા હિમતનગરના મહાવીરનગરના રહેવા છે.

ઢબાલના યુવકનું ઝેરી દવા પી જતા સારવાર દરમિયાન મોત

સાબરકાંઠા જીલ્લાના હિમતનગર તાલુકાના ઢબાલના યુવકે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી ગયેલ જેનું સારવાર દરમિયાન સિવિલમાં શુક્રવારે રાત્રે મોત નીપજ્યું હતું.આ અંગે હિમતનગર બી ડીવીઝન પોલીસ મથકે સિવિલના તબીબે જાણ કરતા પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

શાળાના વિદ્યાર્થીઓ પોલીસ સ્ટેશનની મુલાકાતે

અરવલ્લી જિલ્લાના કઉટાંડા ગામની પ્રાથમિક શાળાના ૪૫ વિદ્યાર્થીઓ અને ૩૯ વિદ્યાર્થીનીઓ મળીને કુલ ૮૪ બાળકોએ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન પોલીસે વિદ્યાર્થીઓને પોલીસ સ્ટેશનની કાર્યશૈલી તથા ફરજ દરમ્યાન ઉપયોગમાં લેવાતી વિવિધ સાધન સામગ્રીનું નિદર્શન કરી ઉપયોગી માહિતી આપી હતી. આ મુલાકાત દરમ્યાન બાળકો સાથે શાળાના આચાર્યા રમાબેન ભાવસાર તથા શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદમાં જમીન તકરારમાં ગોળી મારી ખૂન કરનાર

મુકેશ પટેલના હત્યારા ઝડપાઈ જતા લીંભોઈ પંથકની પ્રજામાં હાશકારો

પરિવારજનોએ આરોપીઓને કડક સજા થાય તેવી માંગણી કરી

મોડાસા, તા. ૧૪

મોડાસા તાલુકાના લીંભોઈ ગામના વતની અને ઘોડાસર સ્થિત મુકેશ પટેલ પર તા. ૧૭ જાન્યુઆરીના રોજ ઘર નજીક મોર્નિંગ વોકમાં ગયા હતા ત્યારે સ્મૃતિ મંદિર આગળ તેમના પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. જેમાં તેમને પીઠ પાછળના ભાગે ગોળી વાગતા તેમનું અડધુ શરીર લકવાગ્રસ્ત થઈ ગયું હતું અને દસેક દિવસની સારવાર બાદ તેમનું મૃત્યુ થયું હતું.

આ ઘટનામાં મુકેશ પટેલ સાથે જમીન અને કન્ટ્રકશનના ધંધામાં સંકળાયેલા જીતુભાઈ બળદેવભાઈ પટેલ નામ બહાર આવ્યું હતું. પરંતુ બનાવ બાદ જીતું પટેલ અમદાવાદ છોડી અલ્હાબાદ ભાગી ગયો હતો. બાતમીને આધારે પોલીસે જીતુ પટેલ અને તેના સાગરિત વિકાસ ઠક્કરની ધરપકડ તા. ૧૩ શુક્રવારને રોજ ઓઢવથી ધરપકડ કરવામાં આવી હતી. આ બનાવની જાણ લીંભોઈ ખાતે રહેતા મુકેશ પટેલના પરિવાર અને સગાસંબંધીઓ તેમજ પટેલ સમાજમાં જાણ થતા હાશકારો થયો હતો અને ધરપકડ કરાયેલા આરોપીઓને કડકમાં કડક સજા થાય તેવો સુર લીંભોઈ પંથકની પ્રજાએ વ્યક્ત કર્યો હતો.

ધનસુરા તાલુકાના આધેડનું સ્વાઈન ફ્લુથી મોત

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના રસોસી ગામે રહેતા એક ૬૫ વર્ષિય આધેડનું આજે સ્વાઈન ફ્લુના કારણે મોત નીપજ્યું હતું. આ આધેડને સ્વાઈન ફ્લુના લક્ષણો જણાતા અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે સઘન સારવાર માટે ખસેડાયા હતા.

રાજ્યભરમાં સ્વાઈન ફ્લુએ હાહાકાર મચાવ્યો છે અને આ મહારોગની ઝપટમાં અરવલ્લી જિલ્લો પણ બાકાત રહ્યો નથી. આજે અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના રસોસી ગામે રહેતા આધેડનું પણ સ્વાઈન ફ્લુથી મોત નીપજતા સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ભયનો માહોલ છવાઈ જવા પામ્યો છે. સરકારી આરોગ્યતંત્ર દ્વારા તાજેતરમાં ફેલાયેલ આ મહામારીને અસરકારક રીતે કાબુમાં લેવા સઘન પ્રયત્નો હાથ ધરાય તેવી પ્રજામાં માંગ ઉઠવા પામી છે.

બેના મોત

● અનુસંધાન પહેલાનું ચાલુ

હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકામાંથી પણ વધુ બે કેસ પોઝીટીવ મળી આવ્યા છે.

શહેરના સે. ૨-બીમાંથી સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ ૬૫ વર્ષીય દર્દીનું આજે સારવાર દરમ્યાન સવારે મૃત્યુ થયું છે. આ ઉપરાંત આજે બપોર બાદ સીઆરપીએફનો જવાન જે વેન્ટીલેટર પર હતો તેનુ પણ મોત નીપજ્યાના અહેવાલો મળ્યા છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સ્વાઈન ફ્લુના રોગચાળાએ સર્જેલી સ્થિતિને નાથવા સમગ્ર જિલ્લામાં સર્વેલન્સ પણ હાથ ધરવામાં આવ્યું છે. ગાંધીનગર શહેરમાં ૭૦ ટકા જેટલી કામગીરી થઈ ગઈહોવાનું જાણવા મળેલ છે. જો કે આ સર્વેલન્સની કામગીરી હજુ બે દિવસ સુધી ચાલુ રહેશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગરમાં વધુ ૪ કેસ નોંધાયા છે. તે પૈકી ૧૪ દર્દીઓ સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જ્યારે ૧૪ દર્દીઓ હજુ સારવાર હેઠળ છે. જ્યારે ૬ વ્યક્તિઓના મૃત્યુ નીપજ્યા છે.

ટચૂકડી જાહેર ખબર

જોઈએ છે
હોસ્પિટલ માટે
● મેડીકલ ઓફીસર
● નર્સિંગ સ્ટાફ
શાશ્વત હોસ્પિટલ
પ્લોટ નં. ૧/૧, સેક્ટર-૩એ, ગાંધીનગર
Ph : 8141363323

ભાડે આપવાનું છે
સેક્ટર-૧૪માં મકાન ભાડે આપવાનું છે
મો. ૯૪૨૭૦ ૫૧૮૩૪
મો : ૯૪૨૮૦ ૫૦૭૩૨